બિસ્મેહી તઆલા

ઈન્તિઝાર

મોઅલ્લિફ

સયૈદ મુર્તઝા મુજતહેદી સીસતાની

મુતરજીમ

મોહમ્મદ તાહીર

કીતાબઃ ઈન્તિઝાર

મોઅલ્લીફઃ સૈયદ મુર્તઝા મુજતહેદી સીસતાની

મુતરજીમઃ મોહમ્મદ તાહીર

સાઈટ: WWW.ALMONJI.COM

Email: info@almonji.com

Table of Contents

ઈન્તિઝાર ની કિંમત.....5

ઈન્તિઝાર ના કારણો.....10

૧. ઈમામ મહેદી (અ.સ.) ના મકામની ઓળખાણ.....14

૨. ઈન્તિઝારના ગુણોની ઓળખાણ.....22

૧. યાસ અને નાઉમેદીથી દુરી:.....22

૨. રૂહાની તકામુલ.....24

મર્હુમ શેખ અન્સારી ઈમામ મહેદી (અ.સ) ના ઘરમાં.....30

સફળતાઓની ચાવી અને મહેરુમીઓના અસબાબ.....35

૩. વિલાયતના મકામની ઓળખ.....45

૪. મહેદવિય્યતના દાવેદારોની પહેચાન.....47

૩. ઈમામ મહેદી (અ.સ.) ના તકામુલ યાફતા મુન્તઝેરીન યા એમના અઝીમ અસહાબની ઓળખ.....49

અસહાબની તાકતની તરફ ઈશારો.....53

ઝ઼હુરના જમાનાથી આશનાઈ.....59

૧. બાતીનની પવિત્રતા.....60

૨. ઝ઼હુરના જમાનામાં અક્લોનુ કામિલ થવું.....65

૩. દુનિયામાં મોટો બદલાવ.....72

બહેસનો પરિણામ.....79

ઈન્તિઝાર ની કિંમત

ઈન્તિઝાર[1] એવા મહાન વ્યક્તિઓ ની વિશેષતાઓ છે જે સફળતાની રાહ પર ચાલે ચે. કેમકે ગ़ૈબતના દૌરમાં મહાન માણસોના વ્યક્તિત્વની વિશે અહલેબૈત (અ.સ.) ના બયાનમાં આવ્યું છે કે ઝ़હુરના સાચા ઈન્તિઝાર કરવાવાળા બધા જમાનાના લોકોથી બાફઝીલત માણસો છે.

એટલા માટે કેટલાક લોકો આને સફળતાના અસબાબમાં થી સૌથા અહેમ સબબ આ દુનિયામાં

[1] પ્રતિક્ષા, રાહ જોવી

જાણે છે અને એમનો અકીદો છે કે ઈન્સાન પ્રતિક્ષાના અસબાબ અને તકામુલને સાચા ઈન્તિઝારમાં શોધીને એનાથી માઅનવી આસમાન પર ઉડીને ખુદને કલ્ચરની મુશ્કેલાત અને રૂહિ રુકાવટો થી નજાત પાઈ શકે છે.

ઈન્તિઝાર, એના અસલી અને કામીલ અર્થમાં એવી સખત હાલત છે જેમકે ભ્રમ્માળની ગુપ્ત ચીજોએ એને ઘેરી લીધું છે અને થોડાજ લોકોએ એની કમાલની રાહ નિકાળી લીધી છે અને દુશ્મનોની દગાઓની મુખાલેફત કરી છે.[2]

---

[2] આવા માણસો જે ઈન્તિઝારના રુસુમમાં ઈમામ મહેદી (અ.સ.) થા તવસ્સુલ અને એમને યાદ કરે છે, બહુજ છે અને અલહમ્દો લિલ્લાહ આવી મજલીસો ધીમે ધીમે વધારે થાઈ રહી છે. આપણો મકસદ આવી મજલીસો અને આવા લોકોની નામંજુરી નથા અને એવા લોકોમાં ઈન્તિઝારની હાલત નું ન હોવું નથી. કેમકે

કેમકે ઈન્તિઝાર અને પ્રતિક્ષા એના આખરી અને બુલંદ મંઝિલમાં –કે ઈમામ મહેદી (અ.સ.) ના ખાસ સહાબિઓમાં મૌજુદ- જે તત્પરતા અને મદદ કરવાના અર્થમાં છે જેને ગૈર આદી કુદરતથી હાસીલ કરીને એવી આસમાની વ્યવસ્થાને કાયમ કરવા અને ઈમામ મહેદી (અ. જ.) ની મલકુતી ખીદમત કરવા માટે છે.

પ્રતિક્ષા જે મંઝિલમાં પણ સ્થિર થઈ જાય તો આ આલમે ગ़ૈબથી ગૈબી મદદ અને ખુદાથી નજીક થવાની રાહ છે. અને અગર નિરંતરતા હોય અને સંપુર્ણ થઈ જાએ તો પછી સમય ગુજરવા

ઈન્તિઝારના પણ દરજા છે અને એ લોકો એના ઈન્તિઝારના કમાલ અને બુલંદ મંઝિલો સુધી પહોંચી ગયા છે. પરંતુ તેમની સંખ્યા કમ છે. આવા જ લોકો ઉઠયા છે અને કોશિશો અને કઠણ પરિસતીથીઓ અને મુશ્કીલોને સહન કરીને આગે બઢયા છે.

ની સાથે ઈન્સાનના વજુદની ઊંદાણમાં જે અંધકાર અને એના મન અને ઝમીરમાં જે ઐબ છે એને ખતમ કરી દે છે અને ઈન્સાનના બાતીનને રોશન કરે છે અને આવી રીતે કમાલની રાહને ઈન્સાન માટે ખોલી દે છે કેમકે ઈન્તિઝાર તમામ દરજ્જોમાં તૈયારીની હાલતને કહીએ છીએ અને બાતીની તવજ્જોને દુનિયાથી ખુલુસ, હકીકત અને નુરાનિયત તરફ ખેંચી લે છે. એ દુનિયા જેમાં શયતાની તાકતો ખતમ થઈ જશે અને દુનિયાના બધા જ ઈન્સાનોની જાન ઉપર ખુદાનો નુર ચમકી ઉઠશે.

આ હકીકત ની તરજ તવજ્જો કરવા સાથે આપણે કહીએ છીએ: એ માણસ જ ઈન્તિઝારની બુલંદ મંઝિલમાં કદમ મુક્યો છે જે ખારેકુલ

આદ્દહ[3] કુદરત રાખતો હશે કેમકે અમે જાણીએ છીએ કે હઝરત ઈમામ મહેદી (અ. જ.) ની હુકુમત એક રૂહાની અને ફૌકુલ આદ્દહ હુકુમત હશે જેણે આપણે નથી જાણી શકતા, એ બધા લોકો માટે જરૂરી છે કે ઈમામ (અ.જ.) ની મદદ કરવા માટે ઈમામના આજુ બાજુ જમા થઈ જાય અને પહેલી કતારમાં ઈમામની મદદ કરીએ તાકે ખુદાના સેવકોમાં શામીલ થાય અને ઈમામના હુક્મ અને એમની આજ્ઞાપાલન કરવાની શક્તિ હાસીલ થઈ જાય કેમકે એને હાસિલ કરવા માટે ગૈર આદ્દહ તાકતની જરૂરત છે.[4]

---

[3] શક્તિશાળી

[4] કેટલીક રીવાયતોમાં ઈમામ મહેદી (અ.જ.) ની હુકુમતમાં ગૈર આદ્દહ તાકતથી ફાયદો હાસીલ કરવાની તરફ ઈશારો થયો છે.

જે રીવાયત હઝરત ઈમામ મહેદી (અ.જ.) ના પ્રતિષ્ઠત મદદ કરવાવાળા ત્રણ સો તેર માણસોની વિશેષતાઓ અને ખાસિયતોને બયાન કરે છે, એ લોકોમાં રૂહાની કુદરત અને ગૈર આદ્દી તાકત પણ બયાન કરે છે હત્તા ગ઼ૈબતના જમાનામાં પણ.

ઈન્તિઝાર ના કારણો

આપણે કોશીશ કરીએ કે ઈન્તિઝાર ના અસલ અર્થને જાણીએ અને આ હાલતને ખુદ અને બીજા લોકો સુધી પહોંચાડીએ.

ઈન્તિઝારના મસઅલહને હાસિલ કરવા માટે, સીખાવ્વા અને એની અઝમત ને બીજા લોકો માટે કેટલીક રાહ મૌજુદ છે કે જેનાથી

ફાયદો હાસીલ કરાને આપણે કલ્ચરમાં ઈન્તિઝારની હાલત પેદા કરી શકીએ છીએ અને એમનાં વુજુદની ગહેરાઈમાં ઈન્તિઝારનો બીજાને ફળદાર બનાવી શકીએ છીએ. હવે આપણે એ અહેમ રાહો બયાન કરાએ છીએ જેનાથી કલ્ચર ઈન્તિઝારાન મસઅલા તરફ માએલ થઈ શકીએ છીએ:

૧. વિલાયતના અઝીમ મકામ અને ઈમામ મહેદી (અ.જ.) ની અઝમતને પહેચાનવું.

૨. ઈન્તિઝારના હૈરાન કરવાવાળા પ્રભાવો ની સાથે એના કામીલ અર્થ અને બુલંદ મંઝિલોને પહેચાનવું.

૩. હઝરત ઈમામ મહેદી (અ.જ.) ના સહાબીયોની વિશેષતાઓ અને ખાસિયતોથી આશનાઈ જે ઈન્તિઝારના બુલંદતરીન મંઝિલમાં પહોંચી ગયા અને રૂહની અઝીમ તાકત એમાં આવી ગઈ છે અને ઈમામ મહેદી (અ.જ.) ના ફરામીન અને આદેશોનું પાલન કરી રહ્યા છે.

૪. ઈન્સાન અને દુનિયાના ભવિષ્યને પહેચાનવું, જે ઈમામના ઝહુરના જમાનામાં અઝીમ પરિવર્તન અને અહેમ ફેરફાર જોવા મળશે.[5]

---

[5] બીજી રાહો પણ મોજુદ છે જે ઈન્સાનને ઈન્તિઝારની તરફ બુલાવે છે જેમાંથી કેટલીક રાહો અમને કિતાબે "અસરારે મોવફ્ફકીય્યત" માં ઝીક્ર કરી છે જેમકે આખલાસ, મઆરીફથી આશનાઈ, અહલેબૈત (અ.સ.) ની મુહબ્બત, ખુદસઅઝી વગેરહ...

હઝરત ઈમામ મહેદી (અ.જ.) ની દરજ્જાની મારેફત, આપહઝરતના મદદગઅરોની પહેચાન, અકલોની તકમીલ અને ઈલ્મી તકામુલ, આલમે મરઈ અને ગ઼ેબની સાથે નાતો, નઅશનાખ્તા મૌજુદાતની પહેચાન, સમગ્ર પરિસ્થિતિઓ અને આકાશમાં સફર કરવું અને એવા બીજા મસાએલ લોકોને ઈમામ મહેદી (અ.જ.) ના જમાનાના કુદરતના મસઅલા તરફ બુલાવે છે અને ઈમામના ગુપ્ત અને બુલંદ હુકુમતના માટે ઈન્તિઝારની હાલત અને તૈયારીને લોકોમાં પેદા કરે છે.

આવા હકીકતોથી આગાહી પાક તીનત માણસોના દિલ વ જાનમાં ખુશહાલી પેદા કરે છે અને એમને અઝીમુશ્શાન જમાનાએ આશિક

બનાવી દે છે અને ઈન્તિઝાર વ ઝ઼હુરની હાલતને જે તમામ ઈન્સાનોના મુસલ્લમ કાર્ય છે, કલ્ચરમાં પેદા કરે છે. હવે ઝાકશુદા મતાલીબની તોઝીહ આપીએ છીએ:

૧. ઈમામ મહેદી (અ.સ.) ના મકામની ઓળખાણ

હઝરત ઈમામ મહેદી (અ.જ.) ની વિશેષતાઓ અને ખાસિયતોની ઓળખ અને આપહઝરતની બાઅઝમત વજુદની તરફ તવજ્જો કરવી ઈન્તિઝારની હાલત ઈજાદ કરવા માટે એક અહેમ સબબ છે.

કેમકે આ નુકતાની તરફ તવજ્જો જે અત્યારે આખી દુનિયા અને તમામ દુનિયાની ખીલકતમાં હઝરત ઈમામ મહેદી (અ.સ.) ના આલાવા કોઈ પણ દુનિયાની રહેબરી અને ઈસ્લાહના લાએક નથી, એ ચીજ ઈન્સાનને આપહઝરત ની તરફ આકર્ષિત કરે છે. કેમકે આપહઝરત ખુદાની આખરી નીશાની છે અને આપહઝરત જ આખરી હાદી અને રહેબર છે જેમકે હઝરત અલી (અ.સ.) આપના બારામાં ફરમાવે છે:

"علم الانبياء فی عِلمِهم و سرُّ الاوصياء فی سرِّهم و عِزُّ الاولياء فی عزِّهم كالقطرةِ فی البحر و الذَّرَّةِ فی القَفرِ۔"[6]

[6] બિહારૂલ અનવાર, ભાગ ૨૫, પેજ નં ૧૭૩

બધા જ નબીયોના ઈલ્મ, બધા જ વસીયોના રાઝ અને તમામ વલીયોની આબરૂ હઝરત ઈમામ મહેદી (અ.જ.) ના ઈલ્મ, રાઝ અને આબરૂના બરાવરીમાં એવી જ છે જેવી રીતે સમન્દરનું એક બીંદુ અને જંગલમાં એક કણ છે.

કેમકે આપણે ખાનદાને અહલેબૈત (અ.સ.) ની આખરી ફર્દના જમાનામાં છીએ અને આપણી જીમ્મેદારી છે કે આપહઝરતની તરફ તવજ્જો અને ઈમામના ફરામીનની પૈરવી કરવાની સાથે સાથે તબાહી અને ગ઼ફલતથા નજાત પાઈ શકીએ અને ઈમામ (અ.સ.) ની હુકુમત આવ્વાના ઈન્તિઝારમાં લમ્હા શુમાર કરીએ જે હિદાયત અને અદાલતના પરચમને આખી દુનિયામાં ફેલાવશે.

અગર કોઈ આ જમાનામાં ઈમામ (અ.સ.) ને પહેચાની લે અને ગ़ૈબતના જમાનામાં ઇમામ મહેદી (અ.જ.) ની ગ़ૈબી મદદથી આગાહ થાય અને "ઝ़હુરના જમાનામાં" ઈમામ આખી દુનિયા અને તમામ લોકોમાં જે પરિવર્તન લાવશે એનાથી આશનાઈ રાખે તો એ માણસ હંમેશા ઈમામની યાદ દિલમાં રાખશે અને જેવી રીતે હુકમ થયો છે કે[7] (એ શખ્સ) આફ઼તાબે વિલાયતના ઉદયના ઈન્તિઝારમાં જીન્દગી ગુજારશે.

એવા ઈન્સાનમાં મારેફ઼તના સબબ ગફ઼લતને એના દિલમાંથી દુર કરી દેશે અને શુધ્ધતા વ પરિત્રતાને એના દિલમાં સમાવી દેશે. હવે એક જાલિબ રીવાયતની તરફ઼ તવજ્જો

[7] જોવો બિહારુલ આનવાર, ભાગ ૫૨, પેજ નં ૧૪૫

કરીએ જે ગ઼ૈબતના જમાનામાં ગ઼ૈબી ઈમદાદને બયાન કરે ચે. જાબિર જોઅફી જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારીથી અને એ પૈગ઼મ્બરે અકરમ (સ.અ.વ) થી નકલ કરે છે કે આપહઝરત એ ફરમાવ્યું:

ـــذاک الَّذی یفتَحُ اللہ ـتعالیٰ ذکرہ ـ علیٰ یَدیہِ مَشارِقَ الأرضِ وَ مَغارِبِهَا، ذَاکَ الَّذِی یَغیبُ عَن شِیعَتِہ و أولیائہِ غَیبَۃً لا یَثبُتُ فیهَا عَلَی القَولِ بِإمَامَتِہ اِلاَّ مَن اِمتَحَنَ اللہُ قَلبَہُ بِالاِیمانِ ـ

قَالَ: فَقالَ جَابِرُ: یا رسولَ اللہِ فَهَل یَنتَفِعُ الشِّیعَۃُ بِہِ فِی غَیبَتِہ؟ فَقَالَ (ص): ای وَ الَّذی بَعَثَنِی بِالنُّبُوَّۃِ أَنَّهُم لَیَنتَفِعُونَ بِہ وَ یَستَضیئونَ بِنورِ وِلایتِہ فی غَیبَتہ کَانتِفاعِ النّاسِ بِالشَّمسِ، وَ اِن جَلَّلَها السَّحَابُ، یَا جَابِرُ، هٰذا مَکنُونُ سِرِّ اللہ وَ مَخزونُ عِلمِہِ فَاکتُمہُ اِلاَّ عَن أهلِہ ـ[8]

[8] કમાલુદ્દીન, પેજ નં ૧૪૬ વ ૧૪૭, બિહારૂલ અનવાર, ભાગ ૩૬, પેજ નં ૨૫૦

એજ (ઈમામ મહેદી અ.સ.) છે કે ખુદાવન્દ કરીમ (જેનો ઝીક્ર બુલંદ છે) એના હાથોથી જમીનના પુરબ અને પશ્ચિમને ખોલી દેશે. એ તેમના શીયાઓ અને મુહીબ્બોથી ગાયબ થઈ જશે અવી રીતે કે એમની ઈમામતના અકીદા પર ઘણા લોકો ઈન્કાર કરશે સિવાય એ લોકો જેનો ખુદા એ ઈમ્તેહાન લીધો છે.

જાબિરે જોઅફી કહે છે: જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી એ પૈયગ઼મ્બરથી પુછયું: યા રસુલ અલ્લાહ (સ.અ.વ) શું ગ઼ૈબતના જમાનામાં શીયાઓ ઈમામ (અ.સ.) થી ફાયદો હાસીલ કરી શકશે?

પૈગ઼મ્બર (સ.અ.વ) એ જવાબ આપ્યું: હા, એ ખુદા જે મને રીસાલત પર મબઉસ કર્યું છે, એ

લોકો એનાથી ફાયદો હાસીલ કરશે જેવી રીતે લોકો સુર્યથી ફાયદો હાસીલ કરે છે, અગર એ વાદળો એને ઢાંકી દે છે. એ જાબિર એ (ઈમામ મહેદી અ.સ.) ખુદાના ગુપ્ત રાઝો અને એના ઈલ્મના ખજાનાઓમાંથી છે એટલે જ એને ગુપ્ત રાખો મગર એના અહલ થી.

જેવી રીતે તમે જોયું કે રસુલે અકરમ (સ.અ.વ) આ રીવાયતમાં તાકીદની સાથે કસમ યાદ કરી છે કે શાયાઓ ઈમામ મહેદી (અ.જ.) ના જમાનામાં નુરે વિલાયતથી રોશની હાસીલ કરશે.

کیست بی پردہ بہ خورشید، نظر باز کند

چشم پوشیدۂ ما، علت پیدائی تست

از لطافت نتوان یافت، کجا می باشی

جای رحم است بر آن کس کہ تماشای تست

ગ઼ૈબતના જમાનામાં અગરચે ઈમામ ગાયબ છે પરંતુ હકીકતમાં ગ઼ૈબતના પર્દા અમારા દિલો ઉપર છે અને ઈમામ (અ.જ.) એ ઈન્સાન માટે ચમકતા હુવા નુર છે જેનો દિલ આઈનાની જેમ પાક અને સાફ હોય ચાહે એ અંગો કેમ ન હોય.

આ હકીકતની તરફ તવજ્જો ઈન્સાનને મકામે વિલાયત અને એમના ઈલેમ વ કુદરતની તરફ હિદાયત કરે છે અને ઈમામ મહેદી (અ.જ.) ની મુહબ્બત દિલોમાં પરિપુર્ણ અને એમની આવ્વાવાળી આલમી હુકુમતના ઈન્તિઝારને પેદા કરે છે.

૨. ઈન્તિઝારના ગુણોની ઓળખાણ

૧. યાસ અને નાઉમેદીથી દુરી:

એવો કલ્ચર જેમાં દિન અહેમીયત ના રાખતો હોય અને લોકો બહેતર બવિષ્યના ઈન્તિઝારમાં ના હોય તો કત્લ, ખુનરીઝી અને આત્મ હત્યા વધારે જોવા મળે છે કેમકે લોકો મન્ફી અસબાબ જેવી રીતે ગરીબી અને કંગાલિયત, જુલ્મ વ સીતમ, કાનુનને તોડવું, ઈન્સાનોના હુકુકને પામાલ કરવા જેવા મસાએલ જોઈ રહ્યા છે અને એના મુકાબિલમાં આ તબાહિઓથી રાહે હલ શોધી નથી શકતા એટલા માટે એ લોકો નાઉમેદીમાં ગીરફતાર થઈ જાય છે કેમકે ખુદ અને ભવિષ્યમાં જોવે છે અને આ

જુલ્મથી ના ફકત દુનિયા અને આખેરત બલ્કે એમના બાળકો, પત્નીઓ અને રિશ્તેદારોને પણ તબાહીમાં નાખી દે છે.

પરંતુ જે શખ્સ ઈન્તિઝારની હાલતને એના વજુદમાં રાખે છે અને હર વખત નુરે વિલાયતને પુરી દુનિયામાં ચમકવાની ઉમેદ રાખે છે એ જુલ્મ અને ખુદકુશી જેવા કાર્યો કરે છે અને ખુદનો ખુન કરીને બીજા લોકોની જીન્દગીને પણ તબાહ કરે છે એટલા માટે જે શખ્સ "ઈન્તિઝારે ફરજ" ના મસઅલાથી વાકીફ છે એ નાઉમેદી અને યાસથી દુરીનો નીકાળી લે છે. એક રીવાયત બયાન કરીએ છીએ જે આ હકીકતની ગવાહ છે:

عَنِ الحَسَنِ بنِ الجَهمِ قَالَ: سَأَلتُ اَبَا الحَسَنِ علیہ السلام عَن شیءٍ مِنَ الفَرَجِ، فَقَالَ علیہ السلام: اَوَ لَستَ تَعلَمُ اَنَّ اِنتِظارَ

الفَرَجِ مِنَ الفَرَجِ؟ قُلتُ: لا اَدرى اِلاَّ اَن تُعَلِّمَنى، فَقالَ علیہ السلام: نَعَم، اِنتِظارُ الفَرَجِ مِنَ الفَرَجِ۔[9]

હસન ઈબ્ને જહેમ કહે છે કે હઝરત ઈમામ મુસા કાઝીમ (અ.સ.) ફરજના વિશે સવાલ કર્યું તો ઈમામ એ ફરમાવ્યું: શું તમે નથી જાણતા કે ફરજનો ઈન્તિઝાર કરવું ફરજ (વુસ્અત) માંથી જ છે. રાવીએ કહયું: જેટલું આપહઝરતે બતાવ્યું છે એજ મને ખબર છે. ઈમામ એ ફરમાવ્યું: હા, ફરજનો ઈન્તિઝાર રાહતી અને વુસ્અતમાં છે.

૨. રૂહાની તકામુલ[10]

ઈન્સાન કામીલ ઈન્તિઝારની સાથે ઝહુરના જમાનાના લોકોથી થોડીક ઓળખાણ રાખી શકે છે

[9] બિહારુલ અનવાર, ભાગ ૫૨, પેજ નં ૧૩૦

[10] સંપુર્ણ થવું

જેમકે દિલની પાકીઝગી એની અંદર પેદા કરે અને ઉમેદ વ ઈન્તિઝારના વસીલાથી ખુદને તબાહી અને નાઉમેદીથી નજાત આપી શકશે.

એના વિશે હઝરત ઈમામ જાફરે સાદિક (અ.સ.) એમના અજદાદથી અને એ હઝરત અમીરૂલ મોમેનીન આલી (અ.સ.) થી નકલ કર્યું છે કે ઈમામ એ ફરમાવ્યું:

اَفضَلُ عِبادَةِ المُومِنِ اِنتِظَارُ فَرَجِ اللہِ۔[11]

મોમીનની સૌથી બડ઼ી ઈબાદત એ છે કે એ ખુદાથી ફરજનો ઈન્તિઝાર રાખતો હોય.

એટલા માટે ઈન્સાન ઈન્તિઝારની હાલતનો પ્રભાવ રાખે છે એ ઝ઼હુરના જમાનામાં તકામુલના

[11] બિહારૂલ અનવાર, ભાગ ૫૨, પેજ નં ૧૪૧

આસાર અને પ્રભાવો ખુદમાં ઈજાદ કરી શકે છે. આ મતલબની તૌઝીહ માટે ઈમામ સજ્જાદ (અ.સ.) અબુ ખાલીદથી ફરમાવે છે એના પર તવજ્જો કરીએ:

عَن اَبِی خَالِدِ الکابُلی عَن علیِّ بنِ الحُسینِ علیهما السلام: تَمتَدُّ الغَیبَةُ بِوَلِیِّ اللهِ الثَّانی عَشَرَ مِن اَوصِیاءِ رسولِ اللہ صلی اللہ علیہ و آلہ و سلم وَ الائمَّةِ بَعدِهِ، یَا اَبا خَالِدٍ، اِنَّ اَهلَ زَمانِ غَیبَتِهِ، اَلقَائلُونَ بِاِمامتِهِ، اَلمُنتَظِرُونَ لِظُهورِه اَفضَلُ اَهلِ کلِّ زمانٍ، لِاَنَّ اللہ ـتعالیٰ ذکرُہ ـ اَعطاهُم مِن العقولِ وَ الأفهامِ وَ المعرِفَةِ مَا صَارَت بہ الغَیبَةُ عِندَهُم بِمَنزِلَةِ المُشاهَدَةِ، وَ جَعَلَهم فِی ذلک الزَّمانِ بِمنزِلةِ المُجاهِدینَ بَینَ یَدَی رَسولِ اللہ صلی اللہ علیہ و آلہ و سلم بِالسیفِ، اُولئک المُخلِصونَ حَقًّا، وَ شیعتُنا صِدقاً، وَ الدُّعاةُ اِلی دِینِ اللہ سِرّاً وَ جَهراً، وَ قالَ علیہ السلام: اِنتِظارُ الفَرَجِ مِن اَعظَمِ الفَرَجِ۔[12]

[12] બિહારૂલ અનવાર, ભગ ૫૨, પેજ નં ૧૨૨

અબુ ખાલીદ કાબુલી હઝરત ઈમામ સજ્જાદ (અ.સ.) થી નકલ કરે છે કે ઈમામ એ ફરમાવ્યું છે કે:

વલી એ ખુદા જે પૈગમ્બરનાં વસીઓમાંથી બારવાં અને આપના ઈમામોમાંથી છે એની ગ़ૈબત લાંબી હશે. એ અબુ ખાલીદ બેશક જે લોકો ગ़ૈબતના જમાનામાં છે અને એમની ઈમામતનો અકીદો રાખે છે અને એમના ઝ़હુરના મુન્તઝિર છે એ બધાજ જમાનાના લોકોથી બરતર અને અફઝ़લ છે.

કેમકે ખુદા વન્દે કરીમ એટલી અક્લ, મારેફત અને ફહેમ એ લોકોને અતા કરશે કે એના સામે ગ़ૈબત મુશાહેદા થશે અને એ લોકોને એ જમાનામાં એ મુજાહેદીનનો દરજ્જો આપશે જેમકે

પૈગમ્બર અકરમના દૌરમાં તલવારથી જેહાદ કર્યો છે. હકીકતમાં એ જ લોકો બાઅખલાસ અને અમારા સાચા શીયાઓ છે અને લોકોને જાહેર અને ગુપ્ત રાહોથી ખુદાના દિનની તરફ બુલાવશે

એના પછા ઈમામ સજ્જાદ (અ.સ.) ફરમાવે છે: ઈન્તિઝારે ફરજ, બુલંદ તરીન ફરજમાં છે.

دوست نزدیکتر از من، بہ من است

وین عجب تر کہ من از وی دورم

این سخن با کہ توان گفت کہ دوست

کہ کند من و من مہجورم[13]

[13] અનુવાદ: મારો સોથા નજીક દોસ્ત એ (ઈમામ) છે. અને આ અજીબ છે કે હું એનાથી દૂર છું. આ વાત કેનાથી કરું કે દોસ્ત મારાથી નજીક છે પણ હું અકેલો છુ.

સાચા મુન્તઝીર જે ઈન્તિઝારની રાહે તકામુલ સુધી પહોંચી ગયા છે, ખુદને આખી દુનિયા ઉપર ખુદાની ગ़ૈબી કુદરતોથી હુકુમત કરવા માટે, ગ़ૈબતના જમાનામાં ઝ़હુરના જમાનાની ફ़ર્દી વિશેષતાઓમાંથી એક ખાસીયત જેમકે દિલની પાકીઝગી છે એ એવા લોકોમાં મોજુદ હશે એવી રીતે કે ગ़ૈબતનો અંધેર જમાનો એના માટે દિવસનો ઉજાલો જેવો છે.

અગર ઈન્તિઝાર એવા લોકોમાં એવી વિશેષવાઓ ના રાખે તો કેવી રીતે ઈન્તિઝારે ફ़રજ, બુલંદ તરીન ફ़રજ છે? એ લોકો ઈન્તિઝારની હાલત સાથે ઝ़હુર અને ગ़ૈબતના જમાનાની દરમિયાન રાબિતહ કાએમ કરે છે અને

એ જમાનાના થોડાક હાલાત ગ़ૈબતના જમાનામાં પણ હાસીલ કરી લે છે.[14]

મર્હુમ શેખ અન્સારી ઈમામ મહેદી (અ.સ) ના ઘરમાં

દિલોને રોશન કરવા માટે એક ઘટના ઝિક્ર કરી રહ્યા છે જેમાં એ બાફઝીલત શખ્સીયતના વિશે છે જેને જાહેરી અને બાતેની બંનેમાં ગ़ૈબી ઈમદાદ અને તાકતથા દિને ખુદાની હિફાઝત કરી.

[14] જેમકે આપણે કહ્યું કે થોડાક લોકો જેમકે મર્હુમ સૈયદ બેહરૂલ ઉલુમ વ મર્હુમ શેખ અન્સારી આવા હાલાત હાસિલ કર્યા હતા.

મર્હુમ શેખ અન્સારીના એક શિષ્ય એ શેખ અન્સારીના ઈમામ મહેદી (અ.જ.) ની સાથે સબંધ અને એમના મકાનમાં હાજીર થવા વિશે એવી રીતે બયાન કરે છે:

હું ઈમામ હુસૈન (અ.સ.) ની મખસુસ ઝીયારત કરવા માટે કર્બલા ગયો હતો. આડધી રાતે ગુજરયા પછા ઘરમાંથી સ્નાન કરવા માટે હમામ આવ્યો, કેમકે માર્ગમાં કીચળ કચરા વધારે હોવાથી એક દીપક મારા હાથમાં હતો. દુરથી એક શખ્સને આવતા જોયો જે શેખ જેવું લાગતો હતો. જયારે એના નજીક ગયો તો જોયું કે હા શેખ અન્સારી જ છે. મેં વિચારમાં પડી ગયો કે આવી અંધારી રાતમાં કયાં જઈ રહ્યા છે કેમકે એમની આંખો પણ કમજોર હતા. મેં ખયાલ કર્યું કે કોઈ

એમના તાક માં ના હોય એટલા માટે એમની પાછળ ચાલતો થયો, શેખ એક પુરાના મકાનની સામે ઉભા થઈ ગયા અને શેખ ખાસ તવજ્જોની સાથે ઝીયારતે જામેઅહ પઢવા પછી એ મકાનમાં દાખીલ થઈ ગયા!

એના પછી હું કોઈ પણ ચાજ ના દેખી સિર્ફ શેખની આવાજ કાનમાં આવી રહી હતા કે એ કોઈની સાથે વાતો કરી રહ્યા છે. હું ત્યાંથી વાપસ આઈને હમામ ગયો, પછી ઈમામ હુસૈન (અ.સ.) ના હરમમાં ગયો અને હરમમાં શેખને જોયો. સફર ખતમ થયા બાદ નજફે અશરફમાં શેખની ખીદમતમાં પહોંચ્યો અને એ રાતના વિશે એમથી પુછ્યું. પહેલા શેખ એ ઈન્કાર કર્યું, ઈસરાર કરવા બાદ શેખ એ ફરમાવ્યું:

કોઈ વખતે ઈમામ (અ.સ.) ની ખીદમતમાં પહોંચવાની ઈજાઝત મળે છે તો હું એ મકાનના દરવાજા સામે જે તમને કયારેય પણ ઢુંઢ નથી શકતા, ઉભો થઈને ઝીયારતે જામેઅહ પઢુ છું, પછી મને ઈજાઝત મળે છે અને હું ઈમામ (અ.સ.) ની ખીદમતમાં પહોંચીને મસાએલ અને સવાલના જવાબ હાસીલ કરું છું. એના બાદ શેખ એ ફરમાવ્યું:

જબ તક જિંદગી છે આ મતલબને રાઝ રાખશો અને આ વિશે કોઈ ને પણ ના બતાવજો.[15]

[15] ઝિન્દગાની વ શખ્સીય્યત શેખ અન્સારી, પેજ નં ૧૦૬

એવી જ રીતે બીજી મોટી શખ્સીય્યતો જેને ઈમામ (અ.સ.) ની સાથે વારંવાર મુલાકાત કરી છે અને ખુદને ઈમામના ઝ઼હુરના માટે તૈયાર કરી લીધા છે, એ લોકો નહી જે કુર્આન ની આયતોની તાવીલ અને તોજીહ કરીને ઈમામ થી જંહ પણ કરશે.

کلید گنج سعادت فتد بہ دست کسی

کہ نخل ھستی او را بود بَرِ ھنری

چو مستعد نظر نیستی، وصال مجوی

کہ جام جم ندھد سود، وقت بی بصری

સફળતાઓની ચાવી અને મહેરુમીઓના કારણો

મુમકીન છે આ સવાલ થાય કે: કેવી રીતે શેખ અન્સારીને જ્યારે ઈજાઝત મળતી હતી તો એ ઈમામ મહેદી (અ.સ.) ના મકાનમાં જઈ શકતા હતા અને ઝીયારતે જામેઅહ પઢવા બાદ ઈજાઝત લઈને ઈમામના મકાનમાં હાજર થઈ જતા અને એવા મહેરબાન ઈમામની સાથે વાતો કરતા?

એ કેવી રીતે આવા મકામ સુગી પહોંચ્યા પરંતુ એમના શિષ્ય એ જે ઈમામ મહેદી (અ.સ.) ના મકાનથી પણ આગાહ હતો, એવો ઈફતેખાર

ના રાખતો હતો અને મર્હુમ શેખ એ એને ફરમાવ્યું હતું કલ તમે એ મકાનને નથી જોઈ શકતા?!

આ અહેમ સવાલનો સહી જવાબ આપવો જરૂરી છે. અફસોસની સાથે કહેવું પડે છે કે કેટલાક લોકો આવા સવાલોના જલ્દીથી જવાબ આપી દે છે કે ખુદા એવું જ ચાહે છે યા ખુદા કેટલાક લોકોની સાથે (નઉઝો બિલ્લાહ) રિશ્તેદારી અને કોમ કબીલાથી દોસ્તી માટે આવું કરે છે અને એવી રીતે લોકોની સાથે કેટલાક રીતે અમલની સાથે સંબધ નથી રાખતો.

આવા જવાબો એ લોકો ખુદને આવી ઝિમ્મેદારીથી આઝાદ કરવા માટે કહે છે. આ સહી નથી. કેમકે આ જવાબ ના તો એને સાચી રીતે

દર્શાવે છે ના તો ઈન્સાનને કોઈ રાહની તરફ હિદાયત કરે છે.

અમે આ સવાલનો જવાબ અહલેબૈત (અ.સ.) ના ફરામીનની રોશનીમાં આપીએ છીએ:

ખુદાવન્દ કરીમ એ બધા જ ઈન્સાનોને રૂહાની કમાલ હાસિલ કરવા માટે હુકમ આપ્યો છે અને એની સાર્વજનિક નિમંત્રણમાં બધા લોકોને જે એની રાહમાં આગે કદમ બઢાવે છે, ખુદા એને પુણ્ય અને ફળ આપે છે. જેવી રીતે મેઝબાન (સ્વાગત કરનાર) તેમના મેહમાન ને નિમંત્રણ આપે છે અને એની શિરકત કરવાથી એનો ધ્યાન રાખે છે એવી જ રીતે ખુદા પણ કમાલ અને તરક્કીનો રાસ્તો ઈન્સાનના માટે ફરાહમ કર્યાં છે જેમકે એ કમાલની રાહ માટે નિમંત્રણ આપે છે.

કુર્આન મજીદ સરાહતની સાથે ફરમાવે છે:

"وَ الذين جاهَدوا فينا لَنَهدِيَنَّهُم سُبُلَنا۔"[16]

જે કોઈ પણ અમારી રાહમાં કોશિશ કરશે જરૂર એને અમારી રાહની તરફ હિદાયત કરીશું.

આ મહેમાનો માતે જરૂરી છે કે ખુદાના આમંત્રણના ઉપર લબ્બેક કગે અને રૂહાની વ માઅનવી તકામુલની રાહ પર કદમ આગળ બઢાવે.

એટલે જ ઈન્સાનોમાં કમાલ અને તરક્કીની રાહ વજુદ રાખે છે અને એ લોકો આ નેઅમતથી ફાયદો હાસિલ કરી શકે છે પરંતુ એને જમા કરીને એનાથી ફાયદો હાસિલ નથી કરતો જેમકે એના

[16] સુરએ અનકબુત, આયત ૬૯

માલદાર અને ધનવાન લોકો જેની સોચ કમ છે એ ફકત બેંક બેલેન્સમાં વધારવાના વિશે જ સોચે છે અને એમાંજ ખુશ રહે છે પરંતુ એ પૈસા ખર્ચ નથી કરતો.

સફળતાની સીઢીઓ ચઢવા માટે મૌજુદ કુદરતો અને રાહોથી ફાયદો હાસિલ કરવું જોઈએ અને ખુદની કમીઓને જુબરાન પણ કરે તાકે એમના બુલંદ મકાષિદ અને ઈચ્છાઓ સુધી પહોંચી જાય.

કેટલાક લોકો વ્યક્તિગત રીતે રૂહી અને માઅનવી કમાલ સુધી પહોંચવાની તાકત અને તૈયારી રાખે છે પરંતુ એનાથી કોઈ કામ નથી રાખતો એટલા માટે એવી તાકતોથી ફાયદો હાસિલ નથી કરી શકતો અને દુનિયાથા ચાલી

જાય છે અને એને જમીનમાં દફનાવી દેવે છે. એવી જ રીતે એ ધનવાન લોકો જે ભુતકાળમાં એમના માલની હીફાઝત કરવા માટે જમીનમાં દફનાવી દેતા અને ના એ એમના એવા બાળકો એ માલથી ફાયદા હાસિલ કરી શકતા હતા.

કેવી રીતે કેટલાક લોકો રૂહી તાકતો અને બહેતફ સમજવાની કુદરત રાખતા હતા અને કેવી રીતે એ તાકત ને હાસિલ કરી શકયા એને સ્પષ્ટ કરવા માટે મર્હુમ શેખ હુર્રે આમુલી જે શીયાઓના મોટઅ આલીમોમાંથી છે એમની ગુફતાર ઝિક્ર કરીએ છીએ, એ ફરમાવે છે:

જાહેર છે કે જોવું અને સાભળવું અને બીજી વસ્તુઓ રૂહના માતે માધ્યમ છે કે રૂહ એના માધ્યમથી જોય અને સાંભળે છે અને... કેમકે

ઈન્સાનની રૂહ તાકતવર નથી, એનો જોવું અને સાંભળવું માદ્દી અસબાબ અને ખાસ હદમાં જ મહેદુદ છે.

એટલા માટે જ સિર્ફ માદ્દીયાત ને જોવે છે અને રૂહી મસાએલને સમજવાથી લાચાર છે, પરંતુ અગર ઈન્સાનના રૂહમાં તાકત આવી જાય અને ઈબાદાત વ વાજેબાતને અન્જામ આપે અને હરામ કાર્યોને છોડવાથી ખુદાથી નજીક થઈ જાય છે અને એની રૂહ તાકતવર થઈ જાય છે. જ્યારે એની રૂહ તાકતવર થઈ જાય તો માદ્દીયાત અને તબીઈય્યાતથી વધારે ફાયદો હાસિલ કરી શકે છે. એટલા માટે જ એના આંખોથી એવી ચાજો દેખે છે કે બીજા લોકો નથી જોઈ શકતા અને એવી ચીજો

સાંભળે છે કે બીજા માણસો નથી સાંભળી શકતા અને.....

અ કુદરત અને વિશ્વપ્રાપ્તિ લોકોમાં અલગ અલગ છે જેવી રીતે ખુદાથી નજીક થવું પણ બધા લોકોમાં બરાબર નથી. હર શખ્સ ઈબાદતો અને કોશિશોથી ખુદાથી નજીક થાય છે, એના રૂહી અને માઅનવી હાલાત પણ તાકતવર થઈ જાય છે અને એવા કાર્યોને સમજવા માટે જેને બીજા લોકો આંખ અને કાનથી સમજવાની તાકત નથી રાખતા, એ લોકો સમજી શકે છે.

આ બયાનથી જાહેર થઈ ગયું કે કેવી રીતે મર્હુમ શેખ અન્સારી જેવા લોકો આવી મોટી નેઅમત સુધી પહોંચી જાય છે પરંતુ બીજા લોકો

એવા તાકત અને કુદરત નથી રાખતા અને એમના આંખો આવા કાર્યો જોવાથી લાચાર છે.

સહી અર્થમાં ઈન્તિઝારની હાલત રાખવાથી એવા કાર્યો હાસિલ થઈ શકે છે.

دیدۂ باطن چو بینا می شود

آنچہ پنہان است، پیدا می شود

એ ઈન્તિઝાર કરવાવાળા લોકો જે ઈન્તિઝારની રાહમાં ચાલીને ખુદને સંવાર્યું છે એ લોકો હવસ અને લાલસાથી ફરાર અને ઉંડાણ અને રૂહની તરક્કી સાથે નફસના કબજામાંથી નીકળી જાય છલ અને નફસનુ આકર્ષણ તાકત નથી રાખતો કલ એની તરફ ખેંચી લે. જેવી રીતે કે હવાઇ રોકેટ જમીનથી નીકળી જાય છે પછી જમીનનો આકર્ષણ અને ખીંચી નથી શકતો તમે

પણ આવી રીતે અગર જમાના ગુજરવાની સાથે ખુદને આત્માની લાલસાથી બાહર થઈ જાઓ તો આત્માની આકર્ષણ શક્તિ અને શયતાનનો વસવસો તમારા અંદર કોઈ પ્રભાવ નહી છોડે.

હઝરત સલમાને ફારસી અને અહલેબૈત (અ.સ.) ના બીજા અસહાબ પણ આવા જ હતા. એ લોકો આત્માના મદારથી નીકળીને માદ્દીયાતથી રેહાઈ પામી ગયા. એટલા માટે જ એ લોકો ગ़ૈબના આલમ સાથે રાબેતા રાખતા હતા. જે વિલાયત અને કુદરત સલમાનની પાસે હતી એટલા માટે કે એ આત્માના મદારથી નીકળી ગયા હતા અને એમની લાલસા ને નાબુદ કરી દીધા હતા. અને અમીરૂલ મોમેનીનની ખ્વાહિશ અને ઈરાદાને ખુદની ખ્વાહિશ વ ઈરાદા ઉપર

હાકેમ કરી દીધો એટલા માટે જ રહસ્યમય કુદરતો અને ગૈબી તાકતોથી ફાયદો લેતા હતા.

૩. વિલાયતના મકામની ઓળખ

ઝુહુરનો ઈન્તિઝાર, ઈમામ મહેદી (અ.સ.) ની વિલાયતની તાકતને ઈન્તિઝાર કરવવાળાના દિલ વ જાન માં મજબુતી બખ્શે છે અને એને અકીદા ઉપર સ્થિર અને સમગ્ર બનાવે છે કે એક દિવસ ખુદાના ઘરના કિનારે આપહઝરતના હાથોથી ઈલાહી તાકત જાહેર થશે અને દુનિયાના બધા જ વિદ્રોહીઓને સજા આપશે જે જોંકની જેમ કમજોર લોકોના ખુન ચુસે છે અને વિલાયતની અઝીમ અને બુલંદ તાકતથી ઈમામ (અ.સ.) તમામ લોકોની સામે જાહેર અને સાબિત કરી દેશે

કે જે શખ્સ ઈમામત અને વિલાયત રાખે છે એ ખુદાની તાકતને જાહેર કરી શકે છે.

આ એક મુન્તઝીરનો અકીદો છે એટલા માટે ઝ઼હુરનો ઈન્તિઝાર દિનના અકાએદ અને મઆરેફ પર અકીદોની સાથે છે કેમકે ઈન્તિઝાર, મારેફત અને અકાએદનો બીજ બોએ છે અને યકીન કરાવે છે કે છેવટે આખી દુનિયા વિલાયતના તાકતની કંટ્રોલમાં આવી જશે અને વિલાયતની નાશેનાખ્તા અને અઝીમ તાકતથી દુનિયાની બધી અત્યાચારી તાકતોને ઘુટણ ટેકવા માટે મજબુર કરી દેશે અને દુનિયાને આ માદ્દી કલ્ચર ઈલાહી વિલાયતના કલ્ચરની બેપનાહ તાકત અને હુકુમતના સમે તાબ ના લાઈ શકશે અને મુસલેહ જહાનના દાએરામાં આવિ જશે.

૪. મહેદવિય્યતના દાવેદારોની પહેચાન

શીયાઓની આખી તારીખમાં કેટલાક લોકો મહેદવિય્યતનો દાવો કરીને કયામ કર્યો અને ખુદને અવામના રહેબર અને મુસલેહ બતાવયાં છે, અને આ છળ કપટથી ઈન્સાનોના ખુન વ જાન વ માલને પામાલ અને કેટલાક લોકોને ગુમરાહ પણ કર્યા છલ, પરંતુ જે લોકો એ સાચા રીતે ઈન્તિઝારની રાહમાં કદમ બઢાવ્યા છે અને એમના વુજુદને વિલાયતના નુરથી રોશન કર્યા છે એ કયારેય એવા દગાબાજોના ઝાંસામાં નથી આવતા એટલા માટે જ એ લોકો ડંકાની ચોટ પર કહે છે

برو این دام بر مرغ وگرنہ

એ લોકોની આગાહી અને દગાબાજોની ઓળખાણ ઈમાનના બુલંદ વ બરતર પહેચાનની કારણથી છે એટલા માટે (એ લોકો) આબે હયાતને સરાબ[17] ના બદલે નથી વેચતા અને ખીલાફતના ગાષિબોને ઈમામ નથી સમજતા.

[17] સરાબ એવી ચીજ જે રાસ્તા યા રેગીસ્તાનમાં દુરથી પાણી જેવી લાગે છે પરંતુ આગળ જાઈએ તો પાણી નથી મળતું.

૩. ઈમામ મહેદી (અ.સ.) ના તકામુલ યાફતા મુન્તઝેરીન યા એમના અઝીમ અસહાબની ઓળખ

લોકોને ઈન્તિઝારની રાહ તરફ ખેંચવા માટેના ઉમુરમાંથી એક અમ્ર ઈમામના અસહાબથી આશનાઈ છે.

ઈન્તિઝારના આશ્ચર્યજનક પ્રભાવોમાંથી ઈન્તિઝાર કરવા વાળા કમાલ યાફતા લોકોના માટે એક એ છે કે એ લોકો અકીદા વ નજરીયાના લેહાઝથી અહલેબૈતની અઝીમ વિલાયતથી આશનાઈ રાખે છે બલ્કે એ લોકો પણ આફતાબે

વિલાયતના ચમકતા ઝરૂખો[18] છીએ. અર્થાત કે ઈન્તિઝારના રાહ ઉપર કમાલ સુધી પહોંચવાના અસરથી એમની યોગ્યતાની હદ સુધી ખાનદાને અહલેબૈત (અ.સ.) ના મકામથી રૂહી અને માઅનવી તાકતો હાસિલ કરે છે અને એનો ઈસ્તેમાલ કરવાથી એમને જે કામ સોપ્યું છે એને અન્જામ દે છે.

એવા અફરાદ ઈમામ (અ.સ.) ની સારી રીતે મદદ કરવા માટે અને ઈમામના મકામે વિલાયતની તરફ બધા લોકોથી આગળ છે.

હવે આ નુકતાની તરફ તવજ્જો કરીએ જે ખુદાવન્દે કરીમ એ કુર્આને મજીદમાં ફરમાવે છે:

---

[18] બારી, દરીચહ

"فَاستبِقوا الخيرات أين ما تكونوا يأتِ بكم الله جميعاً"[19]

એક બીજાથી નેકીયોમાં આગળ વધો તમે જ્યાં કઈ પણ રહો ખુદા બધાને એક જગ્યાએ જમા કરશે.

આ આયત એ કરીમા ઈમામ (અ.સ.) ના ત્રણ સો તેર અસહાબની વિશે છે કે જે ઝ઼હુરના દિવસે બધા ઈમામની ખીદમતમાં હાજર થશે તાકે એ લોકો ઈમામની મદદ અને સિયાહ દિલવાળા લોકોનો ખાતમો કરશે.

કોઈ વખતે આ અહેમ સવાલ કેટલાક લોકોના દિમાગમાં આવે છે કે ખૈરાત વ નેકીયોમાં સબકત હાસિલ કરવાથી શું મુરાદ છે? અને

[19] સુરએ બક઼રહ, આયત ૧૪૮

ઈમામના ત્રણ સો તેર મદદ કરવાવાળા કેવી ખાસિયતો રાખીને એક બીજાથી આગળ નીકળશે અને એ મોટા મકામ ઉપર પહોંચી જશે.

અગર આપણે ખાનદાને અહલેબૈત (અ.સ.) ની તરફ જોઈએ તો અમને એવી રીતે જવાબ મળશે:

الخيرات؛ الولايةُ لنا أهل البيتِ۔[20]

આયતમાં જે ખૈરાત (નેકીઓ) આવ્યું છે એની વિલાયતનો મતલબ અમે અમે અહલેબૈત છીએ.

[20] અલગ़ૈબત, મર્હુમ નોઅમાની, પેજ નં ૩૧૪

અસહાબની તાકતની તરફ ઈશારો

ઈન્સાન વિલાયતને કબુલ કરવાની જેટલી કોશિશ કરશે, એની રૂહને તાકતવત કરે છે અને અસાધારણ તાકતનું પણ માલિક થઈ જશે, એટલી તાકતકે રૂહની તાકતથી માદ્દી અને ગ઼ૈર માદ્દી મોજુદાત ઉપર હુકુમત કરશે. હવે આપણે મર્હુમ અલ્લામા બહેરૂલ ઉલુમનો એક આકર્ષિત ઘટના કરીએ છીએ:

મર્હુમ અલ્લામા બહેરૂલ ઉલુમ દિલની બીમારીમાં મુબ્તલા હતા અને એજ બીમારી સાથે ગર્મીના મોસમમાં ઈમામ હુસૈન (અ.સ.) ની ખાસ ઝીયારતોમાંથી એકને પઢવા માતે કર્બલા જવાના ઈરાદા સાથે એવા ગરમ દિવસમાં નજફે અશરફથી નીકળા. લોકોએ આશ્ચર્ય કર્યું કે એવી

બીમારી અને હવાની ગર્મીના લીધે કેવી રીતે યાત્રા કરી રહયા છે?!

એમના સાથે યાત્રા કરવાવાળાઓમાં મર્હુમ "શેખ હુસૈન નજફ" પણ હતા જે સૈયદના જમાનાના મશહુર આલીમોમાંથી હતા. બધા લોકો સવારી ઉપર સવાર થઈને યાત્રા સરૂ કરી, હવામાં એક વાદળ એ લોકો ઉપર છાયો કરતો હતો અને ઠંડી હવા ચાલવા લાગા, હવા એટલી ઠંડી હતા જાણે કે અમે સરદાબ[21]માં છીએ.

વાદળ એવી જ રીતે એમના ઉપર છાયો કરી રહ્યો હતો ત્યારે એ "ખાન શુર" નામી જગ્યાએ પહોંચ્યા, ત્યાં મશહુર આલીમ શેખ હુસૈન નજફના

[21] તહેખાનું, જમીનના નીચે બનાવેલો કમરો,

પરિચીત મળી ગયા અને શેખ, સૈયદ બહેરૂલ ઉલુમથી જુદા થઈ ગયા અને એ મિત્રથી વાતચીતમાં મશગુલ થઈ ગયા. એ વાદળ સૈયદના ઉપર છાયા કરી રહતો હતો અને સૈયદ મહેમાનખાનામાં ચાલી ગયા. જ્યારે સુર્ય શેખના સર પર ચમકયું એમની હાલત બદલ ગઈ અને સવારીથી જમાન ઉપર પડી ગયા, ઉંમર વધારે હોવા યા કમજોરી ના સબબ એ બેહોશ થઈ ગયા.

શેખને ઉઠાવીને મહેમાનખાનામાં મર્હુમ સૈયદ બહેરૂલ ઉલુમની પાસે લઈ ગયા. જયારે એમને હોશ આવ્યું શેખ એ એમનાથી કહ્યું: "سيدنا لِم لم تدركنا الرحمة" એ અમારા સયૈદ વ સરદાર સહેમત અમારા ઉપર કેમ નહોતી? તો પછી સૈયદ એ ફરમાવ્યું: "لم تخلّفتم عنها" તમને રહેમતનો વિરોધ

કેમ કર્યો? આ જવાબમાં એક ઉત્તમ હકીકત છુપેલી છે.[22]

હઝરત ઈમામ મહેદી (અ.સ.) ના અસહાબની તસર્રુફની તાકત એટલી છે કે ઈમામના ત્રણ સો તેર અસહાબમાંથી કેટલાક રહસ્યમય વાદળોથી ફાયદો હાસિલ કરશે અને ઝુહુરની ઈબ્તેદામાં વાદળોના ઝરીએ ઈમામની ખીદમતમાં પહોંચી જશે.

મુફઝ્ઝલ કહે છે કે:

قَالَ اَبو عبد الله عليه السلام: اِذا اُذِنَ الامامُ دَعَا الله باسمه العِبرانىّ فَأُتيحَت له صَحابَتُه الثَّلاثمِأةِ وَ ثَلاثَةَ عَشَرَ قَزَعٌ كَقَزَعِ الخَرِيفِ وَ هم أصحابُ الوِلايَتِ، مِنهم مَن يُفقَدُ عَن فِراشِه ليلاً فَيُصبِحُ بِمَكَّةَ، و منهم مَن يُرى يَسيرُ فى السَّحابِ نهاراً يُعرَفُ باسمه

[22] અલઅબકરીય્યુલ હેસાન, ભાગ ૨, પેજ નં ૬૯

وَ اسمِ أبيہ و حِليَتہ و نَسَبِہ، قُلتُ: جُعِلتُ فِداکَ أيُّهُم أعظَمُ ايماناً؟ قالَ: اَلَّذی يَسيرُ فی السَّحابِ نهاراً و هُم المَفقودونَ و فيهم نُزِلت هذهِ الآيةِ "أينَما تكونوا يأتِ بكُمُ اللہِ جميعاً۔"[23]

હઝરગ ઈમામ જાફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

જ્યારે પણ ઈમામ (અ.સ.) ને અનુમતિ મળશે એ ખુદાના નામને ઈબરી[24] જબાનમાં યાદ કરશે એ વખતે એમના અસહાબ જે ત્રણ સો તેર છે એમની મદદ કરવા માટે આવી જશે. એ લોકો ખિઝાંના વાદળોની જેમ એક બીજા સાથે જમા થઈ જશે અને એજ લોકો ઈમામ મહેદી (અ.સ.) ના અલમદાર છે.

---

[23] સુરએ બકરહ, આયત ૧૪૮

[24] ઈબરાની

એમનાથી કાંઈક એમના બિસ્તરોથી ઉઠીને ગાયબ થઈ જશે અને સવારે મક્કામાં હશે, એમનામાંથી કાંઈક દેખાવી શકાશે જે દિવસોમાં વાદળો ઉપર સફર કરશે, એ એમના નામ, એમના પિતાના નામ અને એમની સિફત વ નિસ્બતોથી ઓળખી શકાશે. મે કહ્યું: એ બંને ગેરૂહમાંથી કોણ ઈમાનમાં બુલંદ છે? ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવેયું: જે લોકો દિવસમાં વાદળો પર સૈર કરશે એ જ એમની જગ્યાઓ પરથી ગાયબ થઈ જશે, અને એમના વિશે જ આ આયત નાઝીલ થઈ છે: "તમે કોઈ પણ જગ્યાએ હોય ખુદા તમે બધાને એક જગ્યાએ જમા કરશે."[25]

---

[25] બિહારૂલ અનવાર, ભાગ ૫૨, પેજ નં ૩૬૮, અલઝૈબત નોઅમાની, પેજ નં ૧૬૮, તફસીરે અયાશી, ભાગ ૧, પેજ નં ૬૭

ઝ़હુરના જમાનાથી આશનાઈ

ઝ़હુરના જમાનામાં દુનિયાની હાલતથી ઓળખાણ અને એ જમાનામાં જે મોટા બદલાવો ઈન્સાનને ઈન્તિઝારના મસઝલાની તરફ બુલાવે છે.

એ આશ્ચર્યજનક બદલાવ કે આખી દુનિયા અને ઈન્સાનોમાં આવશે, ઈન્સાન અને દુનિયાને એક બીજી શક્લમાં દર્શાવશે.

૧. બાતીનની પવિત્રતા

હવે એ બદલાવોના વિશે જે ઈન્સાનોના વુજુદની ગહેરાઈમાં આવશે એને ખુલાસારુપ બયાન કરીએ:

એઅતિકાદી મસાએલમાંથી એક બહેસ તીનત અને પાક વ નાપાક તીનતોનું એક બીજામાં મળી જવું છે. રીવાયતમાં બયાન કર્યું છે કે તીનતનું શું અર્થ છે અને કે આ તીનતો એક બીજામાં મળી ગઈ છે અને કેવી રીતે પાક કરીને એને એક બીજાથી અલગ કરીશું? આ મસઅલાની તફસીલ આવી મુખ્તસર તહેરીરમાં સમાવી નથી શકાતી એટલા માટે અમે આ નુકતાની તરફ ઈશારો કરીએ છીએ:

ઝ઼હુરના જમાનાની વિશેષતાઓમાંથી એક આ છે કે એ જમાનામાં તીનતોની મીલાવટ ના થાય અને ઈન્સાનના મન અને ઝમીરને એવી ગંદગીઓથી પાક થઈ જવું છે કે એના વુજુદમાં મૌજુદ છે.

અમે કેમ આ કહીએ છીએ કે ઈમામ મહેદી (અ.સ.) ના ઝ઼હુરના જમાનામાં લોકો મીલોવટો અને ગંદગીઓથી પાક થઈ જશે?

આ સવાલનો જવાબ આપવા પહેલાં અમે એક ઘટના મતલબની તૌઝીહ માટે બયાન કરીએ છીએ:

શૈયબહ ઈબ્ને ઉસ્માન પૈયગમ્બરે અકરમ (સ.અ.વ) થી સૌથી અધિક દુશ્મનિ રાખતો હતો

અને એમના કત્લની આરજુ રાખતો ગતો. એ જંગે "હુનૈન" માં શરીક થયો તાકે પૈયગમ્બરને શહીદ કરી નાખે. જ્યારે બધા લોકો પૈયગમ્બર (સ.અ.વ) ની પાસેથી ચાલ્યા ગયા અને આપહઝરત અકેલા રહી ગયા એ પાછળથી એમની પાસે પહોંચી ગયો પરંતુ એક આગનો ભડકો એની તરફ આવ્યો એવી રીતે કે એને સહન કરવાની શક્તિ એના પાસે નહોતી એટલા માટે એ એની આરજુ પુરી ના કરી શકાશે.

પૈયગમ્બર અકરમ (સ.અ.વ) એ એને જોયું અને ફરમાવ્યું: શૈયબહ! મારા નજીક આવઓ! એ સમહ રસુલે અકરમ (સ.અ.વ) એ એનો હાથ એના સીના ઉપર રાખયું. આ કાર્યથી રસુલની મુહબ્બત એના દિલમાં ઉતરી ગઈ એવી રીતે કે

પૈયગમ્બર અકરમ (સ.અ.વ) એની નજીક સૌથી વધારે મહેબુબ શખ્સીય્યત થઈ ગયા. એના પછી એવી રીતે વિરોધીઓથી જંગ કરી કે અગર એમનો બાપ પણ એમના સામે આવી જતા તો એને પણ રસુલની મદદ માટે કત્લ કરી દેતા.[26]

તમને જોયું કેવી રીતે પૈયગમ્બરના દસ્તે મુબારક એ એમના સૌથી મોટા દુશ્મનોમાંથી એકની નાપાક તીનત અને ગંદો મન ને એક ક્ષણમાં આ નાપાકી અને ગંદગીથી નજાત આપી અને એને કાફિરોની કતારમાંથી પૈયગમ્બર ઈસ્લામના લશકરના દરમિયાન ઉભો કરી દીધો.

[26] સફીનતુલ બેહાર, ભાગ ૧, પેજ નં ૨૦૨, માદ્દહ હબબ

પૈયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ એના સીના ઉપર દસ્તે મુબારક ફેરતાંજ એની અક્લને કામીલ કરી દીધું અને આ બદલાવના લીધે જે નાપસન્દ તીનત એની અંદર હતી એ ગુમરાહી થી નજાત પામી ગયો.

આ મકદ્દમહનો બયાન કર્યા બાદ ઝ઼હુરના જમાનાની તશરીહ કરીએ છીએ.

હઝરત ઈમામ બાક઼િર (અ.સ.) ફરમાવે છે:

"اذا قامَ قائمنا وَضَعَ يَدَهُ علىٰ رؤوسِ العباد، فَجَمَعَ بہ عُقولَهم و اكمَلَ بہ اَخلاقَهم۔"[27]

જ્યારે અમારો ક઼ાએમ કયામ ફરમાવશે ત્યારે એમના હાથો ખુદાના બંદાઓના સર ઉપર

[27] બિહારૂલ અનવાર, ભાગ ૫૨, પેજ નં ૩૩૬

રાખશે. આ કરવાથી એમની અક્લોને જમા કરશે (આ રીતે એમની અક્લી તાકતો કામીલ થઇ જશે) અને એમના અખલાકને સંપુર્ણ કરી દેશે.

હઝરત ઈમામ મહેદી (અ.સ.) આ વ્યવહારથી લોકોના બાતીનને પાક કરશે અને ખુદાના બધા જ બંદાઓને આ પલીદીઓ વ ગંદકીઓથી નજાત દિલાવશે.

૨. ઝ઼હુરના જમાનામાં અક્લોનુ કામિલ થવું

હવે આપણે રીવાયતમાંથી બે જાલીબ નુકતાની તૌઝીહ આપીએ છિએ:

૧. હઝરત ઈમામ મહેદી (અ.સ.) હાથોને સિર્ફ એમના અસ્હાબ અને મદદ કરવાવાળા લોકોના સર ઉપર ના રાખશે બલ્કે ખુદાના બધા

જ બંદાઓ ઉપર પણ રાખશે. એમકે જે બધા લોકો એ જમાનામાં ખુદાની બંદગી કરતા હશે અગરચે જંગમાં ઈમામના અસહાબ નહી હોય જેમકે બુજુર્ગો અને બાળકો પણ આ નેઅમતથી માલામાલ થઈ જશે.

૨. બધા લોકોની અક્લો ઈન્તિશાર અને અવ્યવસ્થિતિથી મુક્ત થઈ જશે અને બધા અક્લ વ ફિક્રની પુરી તાકતની સાથે શામેલ થઈ જશે જે તમામ ઉલુમનો મરકઝ અને ખારેકુલ આદ્દહ ફ્હેમ છે. એમની અક્લી તકતોનુ કામિલ થવાનું આ અર્થ છે કે એ લોકો દિમાગની તમામ તાકતોથી ફાયદો હાસિલ કરશે.

હા, દસ્તે ઈલાહી આખી દુનિયાના લોકો પર હશે અને ગ़ૈબતના જમાનાના મઝલુમો અને

પીડિતો ઉપર મહેરબાની થશે, ઈન્સાનોના દિમાગોમાં જે ગુપ્ત અને પોશીદહ તાકતો અક્લના સંપુર્ણ થવાના પ્રભાવથી જાહેર થશે અને ઈલ્મી ઉ અમલી તકામુલના બુલંદતરીન મરાહીલ (મંઝીલો) અને આશ્ચર્યજનક જમાનાનો કલ્ચર જાહેર થશે.

એટલા માટે દિમાગની તાકત અને અક્લી તકામુલના આશ્ચર્યજનક પ્રભાવોથી વધારે ઓળખ માટે દિમાગની અઝીમ તાકતની તશરીહ કરીએ છીએ:

હર સાધારણ યઅ અસાધારણ વ્યક્તિ એની જીંદગીમાં દિમાગના કરોડોમાંથી એક હિસ્સાને પણ ઈસ્તેમાલ નથી કરતો. અગર દિમાગની આખી તાકત અને હિસ્સાના કરોડોમાંથી એકને

છેવટે એ સાધારણ યા અસાધારણ વ્યક્તિએ કામમાં લાવ્યું છે તો જે ફર્ક એમનાંમાં જોવો મળે ચે એ કૈફી (હાલત) નો ફર્ક છે, કમ્મી નો નહી.[28] મતલબકે અસાધારણ લોકો જે ફિર્કની અજીબ તાકત રાખે છે એ ફકત દિમાગના કરોડોના હિસ્સામાંથી એક હિસ્સાને ઈસ્તેમાલ કરે પરંતુ કેવી રીતે આ એક હિસ્સાને ઈસ્તેમાલ કરી શકે જે બીજા લોકોથી બહેતર છે.

"વર્ષો પહેલાની વાત છે કે એક રીયાઝીદાન[29] એ એક એવો મતલબ લોકો સામે બયાન કર્યું જેના વિશે એ જમાનામાં વધારે બહેસ થતી હતી. એને અનુમાન લગાડયું હતું કે

---

[28] તવાનાઈહાએ ખુદ રા બેશનાસીદ, પેજ નં ૩૪૭

[29] ગણિતનો વિધ્વાન

ઈન્સાનનો દિમાગ એક વખતે દસ જાણકારીને એના દિમાગમાં જમા કરી શકે છે. આ ગણતરીને અગર સીધી ભાષામાં બયાન કરીએ એટલે કે અમારામાંથી હર એક દુનિયાની સૌથી મોટી લાઈબ્રેરી મોસ્કોની કરોડો પુસ્તકોના ભાગની જાણકારીને આપણા દિમાગમાં જમા કરી શકીએ છીએ. આ વાત પહેલી નીગાહમાં આવો હિસાબ જેની તાઈદ થઈ ગઈ છે, આશ્ચર્યજનક સમજવામાં આવે છે."[30]

હવે તવજ્જો કરો: એવી હાલતમાં કે ઈન્સાનની દિમાગની તાકત ઈમામ મહેદા (અ.સ.) ના ચમકતા નુરના પ્રભાવથી એના દિમાગની તમામ તાકતો એના કમાલ સુધી

[30] તવાનાઈહાએ ખુદ રા બેશનાસીદ, પેજ નં ૪૪

પહોંચી જશે અને ઈન્સાન એના દિમાગની પુરી તાકતથી (કરોડોમાંથી એક હિસ્સાને) ઈસ્તેમાલ કરે અને ઈલ્મ વ કલ્ચર આખી દુનિયાને ઘેરી લે તો એ વખત દુનિયાના હાલત કેવી હશે?!

જે જમાનામાં ઈન્સાન અક્લના તકામુલના પ્રભાવથી એના રૂહની સોઈ હુઈ તાકતોથી ફાયદો હાસિલ કરશે અને એને બેદાર કરીને એને ઈસ્તેમાલ કરશે તો એના જીસ્મને પણ રૂહના તાબેઅ બનાવી દે અને રૂહની તાકત હાસિલ કરશે. મતલબકે એના માદ્દી જીસ્મને એનર્જીથી બદલી શકે છે અને એ કાર્યથી જીસ્માનિયાત અને માદ્દીયાતની હાલતને એનથી લઈ લેશે. જ્યારે ઈન્સાન આ કાર્ય ઉપર તાકત હાસિલ કરી લે તો

એ જમાનામાં જે કરામતો અને હિકમતો સાધારણ હશે અને એના માટે સાબિત થઈ જશે.

ગ़ૈબતના જમાનામાં પણ એવા કમ લોકો હશે જે "તેય્યુલ અર્ઝ"[31] ની તાકત રાખતા હતા, એ રાહને ઈસ્તેમાલ કરશે અને એમના જીસ્મથી માદ્દીય્યત અને તજસ્સુમની હાલતને લઈને ખુદને એનર્જીમાં તબદીલ કરી દેશે અને ક્ષણોમાં જમીનની એક જગ્યાથી બીજી જગ્યાએ પહોંચીને ખુદને જાહેર કરશે. એ લોકો જે તાકત રાખે છે એમના જીસ્મને જે રૂહની તાબેઅ થઈ ગઈ છે જે જગ્યાએ ચાહશે ખુદને પહોંચાવી દેશે.

[31] દુરી તય કરવી, સફર ખતમ કરવું

૩. દુનિયામાં મોટો બદલાવ

ઝ઼હુરના ઠાઠમાઠના જમાનામાં મોટો પરિવર્તન જમીનમાં આવશે જેવી રીતે કર્આન મજીદમાં આવ્યું છે: "يوم تبدّلُ الارض غيرَ الارض"[32] એ દિવસે જમીન બીજી જમીનમાં બદલાઈ જશે. ના સિર્ફ જમીન બલ્કે જમાનો પણ બદલી જશે.

આજે બધા જ વિધ્વાનો આ નુકતા ઉપર અકીદો રાખે છે કે માદ્દહ ઈરતેઆશ[33] થી તશકીલ પામ્યો છે. ઈરતેઆશને કેબલ યા લહેરોની આવાજથી જેમકે તષ્વીર અને આવાજોને દુરતરીન જગ્યાઓ પર ભેજી શકાય છે, નતીજામાં

---

[32] સુરએ ઈબરાહીમ, આયત ૪૮

[33] કપકપી, કંપવું, ધ્રુજવું, થરથરવું

ઈન્સાનના આરગેઝમ[34] ને જે માદ્દહથી બનેલી છે, એને ઈરતેઆશમાં બદલી શકીએ છીએ અને ઈલેકટ્રોનિકના વસાલાથી દુનિયાના કોઈ પણ છેડા સુધી ભેજી શકીએ. મારો દષ્ટિકોણ એ છે કે ભવિષ્યમાં હત્તા ફઝામાં સફર કરતા પહેલા, એવા તરીકા ઢુંઢી શકીએ છીએ કે ઈન્સાનના જીસ્મને કણ કરીને એને ફઝામાં ભેજીદે અને એ જગ્યાએ એના કણોને એક બીજાથી મીલાવીને એક કરી શકીએ.

હવે આમારા વાચકો આ ઈન્સાફ કરી શકે છે કે ઈન્સાન રૂહ છે અને એનો જીસ્મ માદ્દહના કણો સિવાય કશું જ નથી કે ઈરતેઆશને નીચે

---

[34] બનાવટ, સાખ્ત

લાવીને એને જેવું ચાહે એવી શક્લમાં બદલી શકીએ છીએ.[35]

એવો દિવસ આંખોથી જોઈ શકીએ જેમાં ઈન્સાન એના જીસ્મને ઈલેક્ટ્રોનિકના તરીકા ઉપર બદલી દેશે અને વાંચેલી બહેસના તજુર્બાની સાથે દુરની જગ્યા પર પહોંચાડી દેશે, અને એ જગ્યાએ આ એટમો એક સાથ જમા થઈ જશે પછી જીસ્મ બીજીવાર એની શકલમાં વાપસ આઈ જાય.[36]

રીવાયતમાં જે અક્લી તાકતોની ઉમુમી તકામુલની તસરીહ થઈ છે એનો અર્થ એ છે કે રૂહના પ્રભાવની આધિકતા માદ્દા ઉપર આમ અને સાર્વજનિક થઈ જશે અને લોકો એમના જીસ્મ

---

[35] રૂહ ઝિન્દેહ મી માનદ, પેજ નં ૧૫૮

[36] રૂહ ઝિનદેહ મી માનદ, પેજ નં ૧૮૮

ઉપર હાકેમ થઈ જશે અ આ હાલતથી બહેતર ફાયદો લઈ શકશે. એ અઝીમ અને નાશેનાખ્તા જમાનામાં લોકોની માદ્દી સામાનોથી જીંદગી અને જરૂરતો બીજી રીતે હશે.

અહલેબૈતની વિલાયતના ઝ઼હુરના છાયામાં ઈન્સાનો ઈલ્મ વ દાનિશના બુલંદતરીન મુમકીન નુકતા ઉપર પહોંચી જશે અને ઈન્સાન આસાનીથી ઈલ્મની બધી મંઝીલોથી ફાયદો ઉપાડી શકશે અને અવલિયાએ ખુદા એ ગુપ્ત ચાજો જે એ જમાના લોકોથી છુપાવતા હતાં એને જાહેર કરશે. એ લોકોને એમના વુજુદ અને બાહરી દુનિયાના ભેદોની દુનિયાથી ઓળખાણ કરાવશે અને આખરી કમાલ અને તાલીમની રાહો લોકોના માટે ખોલશે.

કદાચ એવા મતાલિબ આપણા માટે મુશ્કેલ હોય અને ઈલ્મી મસાએલમાં તરક્કીને કબુલ નથા કરતા હોય પણ અમે જાણીએ છીએ કે અગર ઈન્સાનનો દિમાગ શ્યતાનના કેદ અને અજ્ઞાનથી આજાદ થઈ જાય તો ઈન્સાન બધી મંઝીલોમાં કમાલની રાહ ઉપર ઉપડી જશે એવી રીતે દુનિયામાં કોઈ પણ ભેદ મુશ્કેલ ના થશે અને બધા જ ગુંચવાહેલા મસાએલ જાહેર થઈ જશે.

હઝરત અલી (અ.સ.) કે ખીલાફતના ગાષિબોએ અત્યારે સુધા કરોડો ઈન્સાનોને ઈલ્મ વ કમાલના બુલંદતરીન મંઝીલો સુધી પહોંચવા અને વિલાયતના ચમકતા કલ્ચરથી મહરુમ વ વંચિત કરી દીધા છલ, ઈમામ અમીરૂલ મોમેનીન અલી (અ.સ.) ના એક કલામમાં જે એમનાં

વુજુદની ગહેરાઈથી ઉઠયો છે, આવી રીતે ફરમાવે છે:

"يا كميل، ما مِن علمٍ الا و أنا افتحُهُ و ما مِن سرٍّ الا و القائمُ يَختِمُهُ۔"[37]

એ કુમૈલ! કોઈ પણ ઈલ્મ નથી કિંતુ એને હું જ ખોલ્યો છું અને કોઈ પણ ભેદ નથી પરંતુ એને કાએમ (અ.સ.) પુરુ કરશે.

હા, જે વખતે ઈમામ મહેદા (અ.સ.) ના મુબારત હાથોના ચમકતા નુરને દુનિયાના મઝલુમ અને પીડિત લોકોના દિમાગો ઉપર રાખશે અને આશ્ચર્યજનદ તાકતોને ઈસ્તેમાલ કરવાની કુદરત પેદા થશે તો બધા ઈન્સાનો

[37] બિહારૂલ અનવાર, ભાગ ૭૭, પેજ નં ૨૬૯

એમની (કરોડોમાંથી એક નહી) આખી અક્લ અને સમજની તાકતથી અહલેબૈત (અ.સ.) ના જીંદગીબખ્શ મકતબના ભેદોને કબુલ કરશે અને ઈલ્મ વ કમાલની આખરી મંઝીલ ઉપર પહોંચી જશે.

એ અઝીમ જમાનામાં ભેદો અને ગુપ્ત ચીજો જાહેર થઈ જશે અને આ જમાનાની અંધારી ચીજો નહી હોય. શું એવો દિવસ સુધી પહોંચવાનો ઈન્તિઝાર તમારા દિલોમાં પવિત્રતા વ પાકીઝગી પેદા નથી કરતો?!

બહેસનો પરિણામ

ઈન્તિઝાર, આશા જગાવ્વાવાળી અને નિજાત દીલાવ્વાવાળી એવી હાલત છે જે ઈન્તિઝાર કરવાવાળા લોકોને ગ઼ૈબતના સીયાહ જમાનામાં ઝુલમત વ તારીકીના તુફાનથી નિજાત દિલાવશે અને એમને નુર વ પવિત્રતાની વાદી તરફ ખેંચી લેશે.

ઈન્તિઝાર, દુ:ખી લોકોને એક નવી જીંદગી અને તાકત આપશે અને રંજીદહ દિલોને ઉમેદ દેશે. ખુશ અને ચમકતી દુનિયાને દિમાગોમાં તાલીમ આપશે.

ઈન્તિઝાર, નેક લોકોને ઢુંઢી લેશે, બેકાર હાલતોને સુધારશે અને ચમકતઅ ચહેરાને

દેખાડશે. ઈન્તિઝાર રુકાવટો અને અંધારોને દુર કરી દેશે. અને કામીલ થયેલા ઈન્સાનોના વુજુદમાં ચમકતો નુર પેદા કરશે. ઈન્તિઝાર શીયાઓના અસ્લી અકીદાઓ અને મારેફતોનું બીજને ઈન્તિઝાર કરવાવાળા લોકોના દિલોમાં પરિપુર્ણ કરશે અને બુલંદતરીન ઈન્સાનો માટે કામિલતરાન રૂહાની હાલાતને ભેટ આપશે.

અગર તમે ઈન્તિઝારની હાલતને ખુદમાં પેદા કરીને એને તાકત આપવા માંગતા હોય તો વિલાયતના અઝીમ મકામથી મુહબ્બત કરો અને ઈન્તિઝારના આશ્ચર્યજનક પ્રભાવોથી જાણકારી હાસીલ કરો, અને કમાલની મંઝીલ પામવાવાળા ઈન્તિઝાર કરવાવાળા લોકોના હાલાત, એમની આદતો અને ખાસિયતોથી આગાહી હાસીલ કરો.

એવી જ રીતે પોતાના દિલ વ મનને ઈમામ મહેદી (અ.સ.) ના ઝ઼હુરના જમાનાની બરકતોથી પણ આશના થઈ જાઓ તાકે આ બાબરકત વ મુબારક જમાનાનો ઈન્તિઝાર તમારા પુર વુજુદને ઘેરી લે.

روز محشر کہ ز هولش سخنان می گویند

راست گویند ولی چون شب هجران تو نیست